# 24. રેફરન્સ બુક

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક–એક વક્યોમાં ઉત્તર લખો :

**1) બાએ દીકરા-દીકરીને કેવી રીતે ભણાવ્યાં હતાં ?**

- બાએ પારકાં દળણાં દળીને, કોઈનાં કપડાં ધોઈને કે પારકાં વાસણ ઊટકીને તેમનાં દીકરાં-દીકરીને ભણાવ્યાં હતાં.

**2) બાએ લાપસી શા માટે રાંધી હતી ?**

- લેખક મૅટ્રિકની પરીક્ષા દેવા જતા હતાં એટલે બાએ બે પૈસા ઉછીના ઉધાર કરીને લાપસી રાંધી હતી.

**3) લેખક અને તેમનાં પતિની એકબીજાને અબુધ શાથી લાગતાં હતાં ?**

- લેખક અને તેમનાં પત્ની એકબીજાને અબુધ લાગતાં હતાં; કારણ કે પોતાના જીવનમાંથી બાની સ્મૃતિઓની પોટલી કેટલી મહત્વની છે એ લેખકે તેમની પત્નીને સમજાવી શકે તેમ નહોતા અને તેમનાં પત્નીની સમસ્યા એ હતી તે પતિનો પોટલી પ્રત્યેનો પ્રેમ સમજી શકે તેમ નહોતી.

### 2. નીચેના પ્રશ્નોના બે - ત્રણ વક્યોમાં ઉત્તર લખો :

**1) લેખકે બાની સ્મૃતિ શી રીતે જાળવી રાખી હતી ?**

- લેખકે બાની તપકીરની ડબલી, ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, જે સાડલાના છેડાથી મરતી વખતે બાએ આંખનાં આસું લૂછ્યાં હતાં તે સાડલો અને જે ડબમાં બા એમના માટે 'ભાગ' રાખી મૂકતી તે ડબો-આ બધું એક પોટલીમાં બાંધીને એક બૅગમાં તાળું મારીને બાની આ સ્મૃતિને જાળવી રાખી હતી.

**2) લેખક પોતાની રેફરન્સ બૂક કોને કહે છે ? શા માટે ?**

- લેખકે તેમનાં બાના નિર્વ્યાજ પ્રેમની સ્મૃતિઓને જે પોટલીમાં સાચવી રાખી હતી તે પોટલીને તેઓ રેફરન્સબુક કહે છે. બાના મૃત્યુ પછી તેમના નિર્વ્યાંજ પ્રેમથી વંચિત લેખક પોતાની દોમ દોમ

સાહ્યબીમાં પણ બેચેન બની જતા ત્યારે છાનામાના આ રેફરન્સ બુક ખોલીને બેસતા; કારણ કે એ પોટલી તેમના જીવનની રેફરન્સ બુક હતી.